*Tarrot Reading , Astrology, Feng Shui - Vastu, Child & Parenting Counselling*

**Contact : 9821197713 / 9022684890**

## કાવ્ય-પ્રકાશ

કચ્છ તેરારત્ના પૂ.સા. શ્રી હંસાવલીશ્રીજી મ.સા. પોતાના ગામમાં ૩૫માં વર્ષે પુનઃ ચાતુર્માસે પધાર્યા છે એ પ્રસંગે રચેલી આ રચના....

**(રાગ : જનની જોડ સખી નહીં જડે રે લોલ...)**

વંદીયે વંદીયે રે ગુરુ હંસાવલીને,
કરતાં ઉગ્ર વિહારને ચાતુર્માસ રે
એવાશ્રી હંસાવલીને વંદીયે... વંદીયે (૧)
સંઘની વિનંતિ સ્વીકારીને,
પધાર્યા તેરા તીર્થ રે... એવા શ્રી (૨)
આગમરાગી છે હંસાવલીશ્રીજી,
વ્યાખ્યાનથી સિંચે મધુર ભાવ રે... એવા શ્રી (૩)
ધર્મનો સાચો મર્મ બતાવીને,
વાળતાં શ્રાવકોને ધર્મમાર્ગ રે... એવા શ્રી (૪)
તેરા જૈન સંઘ વાણીને ઝીલે
ધર્મ આરાધના કરે સાચી રે... એવા શ્રી (૫)
વિત્યા સયંમના ૫૫-૫૫ વર્ષ રે
એતો આપના પુણ્યની સિદ્ધિ રે... એવા શ્રી (૬)
કચ્છ તેરાના ગૌરવ આપ છો,
રોશન કર્યું જેનું નામ રે... એવા શ્રી (૭)
તેરા જૈન સંઘ ગુરુને વધાવે,
સંઘના હૈડે હરખ ન માય રે... એવા શ્રી (૮)
**રશ્મિન** વંદે વારંવાર રે,
આપો અમોને ધર્મલાભ રે... એવા શ્રી (૯)

**- રશ્મિન ખોના (મુંબઈ)**


કચ્છી દશા ઓશવાલ સમાજ સાથે લગ્નસરાની સાડીઓ માટે વર્ષોથી સંકળાયેલા શ્રી દિનેશ દેઢિયા ટૂંક સમયમાં ગ્રાહકોની સવલત માટે દાદર (સે.રે.) રેલ્વે સટેશનની નજીકમાં સાડીઓનું શો રૂમ શરૂ કરી રહયા છે.

**અવસર સારીઝ**

શોપ નં.૧, રૂપલ અપાર્ટમેન્ટ, અરોમા હોટેલની સામે,
દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ),
મુંબઈ - ૪૦૦ ૦૧૪, • ટે. ૨૪૧૬ ૪૨૩૯

- સાચી તેમજ ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડી તથા ચણીયા ચોલી.
- રીયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા.
- કસબ, બટકસબ, કટવર્ક તથા ફેન્સી બોર્ડર.
- પાનેતર, પીટ્ટાવર્ક, તારકામ સાડી.
- બાંધણી બનારસી ઉપાડા વગેરેની ખાત્રીપૂર્વક ખરીદી માટે અવશ્ય પધારશો.

સંપર્ક: દિનેશ દેઢિયા - ૯૨૨૩૪ ૨૫૬૭૬
ભાવિન દેઢિયા - ૯૮૧૯૭ ૨૩૧૧૯



Get 15% off on single order of 1.5 kg cake & above

Patisserie Uno
...taste the secret!

ONLY VEG

Cakes, Pastries, Chocolates

**આપની સુવિધા માટે ઘાટકોપર ની દુકાનનો સ્થળ બદલાવેલ છે**

અહીં તમને વિવિધ પ્રસંગો માટે શુદ્ધ શાકાહારી
રેગ્યુલર કેક, ફોટો કેક, થીમ કેક, બેકરી-કન્ફેક્શનરી પ્રોડકટસ્,
સ્નેકસ બોકસ આપના બજેટને અનુસાર ઓડર પ્રમાણે મળશે
તેમજ વિવિધ ફ્લેવર્સ ની ચોકલેટ વિવિધ બોકસ પેકીંગ માં મળશે

**ઘાટકોપર**
૫, અન્નપુર્ણ, ગુરૂકૃપા હોટલ ની સામે, તિલક રોડ,
ઘાટકોપર (ઈ), મુંબઈ - 400 077.
ફોન : 9167224250

**વિલે પાર્લા (ઈસ્ટ)**
તિરૂપતી અપાર્ટમેન્ટ, શ્રી સરદાર પટેલ સોસાયટી ની સામે,
પેટ્રોલ પમ્પ ની બાજુમા, નેહરૂ રોડ, વિલે પાર્લા (ઈસ્ટ)
ફોન : 9167224251



ઘાટકોપર (ઈ) ફોન : 9167224250
આર સિટી મોલ ઘાટકોપર (ઈ) ફોન : 9167358555
મુલુંડ (વે)ફોન : 9167214197
આર મોલ મુલુંડ (વે) ફોન : 9167214196
વાશી ફોન : 9167394282
સીવુડ ફોન : 9619491887
વિલે પાર્લે (ઈ) ફોન : 9167224251
ડોમ્બીવલી (વે) ફોન : 9619040003
ડોમ્બીવલી (ઈ) ફોન : 9619491884
કલ્યાણ (વે) ફોન : 9619491882
કલ્યાણ (ઈ) ફોન : 9619491885
ઉલ્હાસ નગર ફોન : 9167214228

Impression : 9821592767

Email : info@pfspl.in / patisserieuno@pfspl.in
www.patisserieuno.com www.cakeshopmumbai.com

સ્ટાફની જરૂર છે. (કાઉન્ટર સ્ટાફ, સ્ટોર મૅનેજર) નજીક આઉટલેટમાં અથવા info@pfspl.in / 9619491881 દ્વારા સંપર્ક કરવો



Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

સંસ્થા સમાચાર - જ્ઞાતિ સમાચાર - વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## અનંતનાથ જિનાલયે પંચાન્હિકા મહોત્સવ

૧૫મી ઓગસ્ટ ૧૩ (શ્રાવણ સુદ ૯)ના આવતી અનંતનાથજી જિનાલયની ૧૮૦મી વર્ષગાંઠ નિમિત્તે પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી, પૂ.સા. હિમાંશુશ્રીજી મ.સા. તથા યતિશ્રી મોતીસાગરજીની નિશ્રામાં ૧૧.૮થી ૧૫.૮.૧૩ સુધી પંચાન્હિકા મહોત્સવ ઉજવાશે. પ્રથમ દિન ૧૧.૮.૧૩ના સવારે ૮.૩૦ના અઢાર અભિષેક બાદ સાધર્મિક ભક્તિ, દ્વિતીય દિન ૧૨.૮.૧૩ના સવારે ૯ ના વ્યાખ્યાન અને બપોરે ૨.૩૦ પાર્શ્વપંચકલ્યાણક પૂજા અને સાંજે ચોવિહાર.

તૃતીય દિન ૧૩.૮.૧૩ સવારે ૯ના વ્યાખ્યાન, બપોરના ૨.૩૦થી જ્ઞાતિના વિવિધ પૂજા મંડળો દ્વારા સ્નાત્રપુજા અને સાંજે ચોવિહાર, ચતુર્થ દિન ૧૪.૮.૧૩ સવારના ૯.૩૦થી મહાકાલી પૂજન ભણાવાશે તે પછી સાધર્મિક ભક્તિ રહેશે., પંચમ દિન ૧૫.૮.૧૩ સવારના ૮.૩૦થી સત્તરભેદી પૂજા, ધ્વજા મહોત્સવ અને સ્વામી વાત્સલ્ય, સાંજે ૭ વાગે વિશેષ રંગોળી અને સુપ્રસિદ્ધ સંગીતકારના સથવારે કુમારપાળ મહારાજાની આરતી રહેશે. પંચાન્હિકા મહોત્સવના વિવિધ ચડાવાઓ/નકરાઓ ૪.૮.૧૩ના વ્યાખ્યાન દરમ્યાન બોલાવાશે. વધુ વિગત માટે સંપર્ક : કુમાર દંડ - ૯૩૨૨૬૮૦૦૦૮ રાજેશ છેડા - ૯૮૨૦૨૨૬૮૭૩.

## મુંબઈ મહાજનશ્રીની ખાસ સભા

મુંબઈ મહાજનશ્રીની સામાન્ય સભા ૧૫.૮.૧૩ના સવારના અનંતનાથ જિનાલયના ધ્વજારોહણ દિને પર્યુષણ પર્વમાં શ્રી કલ્પસૂત્ર (પોથી) પધારાવવાના ઘૃતની ઉધામણી બોલી માટે એકત્ર મળશે.

## સુથરીવાસીઓની મુંબઈમાં સભા

સર્વે સુથરીવાસીઓની એક જનરલ સભા ૧૧.૮.૧૩ના બપોરે ૩ વાગે શિશકુંજ હોલ, મુલુન્ડમાં સુથરી જિનાલયની ૧૭૫મી વર્ષગાંઠની ઉજવણી અને આ વર્ષે ચાતુર્માસ પર્વની ઉજવણીનાં આયોજન બાબત વિચારણાં કરવા એકત્ર મળશે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જામનગર

૨૨.૭.૧૩ના સવારે ૭.૩૦ કલાકે અચલગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી નિર્માણ થયેલ ૪૫૦ વર્ષથી પણ વધુ પ્રાચીન ભલસાણતિર્થમાં નવકારશીનો લાભ માતૃશ્રી કંચનબેન ગિરીશભાઈ દંડ હ. વિમલભાઈને મળેલ હોઈ તેમના તરફથી સમગ્ર મહાજનને ભલસાણતિર્થમાં નવકારશીનો લાભ લેવા આમંત્રણ છે.

૨૭.૭.૧૩ના રાત્રે ૯.૩૦ કલાકે મહાકાલી માતાજીની ભાવના માતૃશ્રી મોતીબાઈ ત્રીકમજી નાગડા હસ્તે કંચનબેન તથા દિપાબેન ગુલાબ નાગડા તરફથી છે તો સૌને ભક્તિ ભાવનામાં ભાગ લેવા વિનંતી કરાઈ છે. સ્થળ : શ્રી ક.દ.ઓ. જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ સંચાલીત નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ તથા રામજી માણેકજી નાગડા સેનેટોરિયમ, જામનગર.

## કચ્છી જૈન મહિલા મંડળ-કલકત્તા

૧૯.૫.૧૩ના નીલમ અરવિંદ શાહના નવા નિવાસસ્થાને વાસ્તુક પૂજા ભણાવવામાં આવેલ. બધાને સાધર્મિક ભક્તિ કરાવી તેમણે મંડળને ૧૦૦૧ ભેટ આપેલ અને પ્રભાવના કરી. ૧૪.૬.૧૩માં મંડળમાં અંતાક્ષરીની હરિફાઈ રાખવામાં આવેલ જેમાં પ્રથમ મંજરી વીરા, રેવંતી નાગડા અને પ્રભા ધુલ્લા, દ્વિતીય ભારતી લાલકા, સરલાબેન ખોના અને જાગૃતિ ખોનાને ઈનામ મળેલ. ૧૭.૬.૧૩ના મીતાબેન લાલકાને ઘરે કીટી પાર્ટી રાખવામાં આવેલ જેમાં ગેમ્સ રમાડેલ. ફેમીલી ગેમ્સમાં પ્રથમ નયના બુરિયા અને મંજરી વીરા બીજી ગેમમાં મીના શાહ અને સ્મિતા શાહ પછી હાઉસી રમી અલ્પાહાર લઈ બધા છૂટા પડ્યા.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

**સામાજિક સુરક્ષા સભ્યપદ અભિયાન**

જ્ઞાતિની કલ્યાણકારી લાભદાયી સામાજિક સુરક્ષા યોજનામાં દરેકને સભ્ય થવા અપીલ છે. નાની વયના વધુ સભ્યો જોડાશે તેમ આ યોજના સંગીન અને વધુ લાભ આપનારી બનશે. દરેક પરિવાર સ્વજાગૃતિ દાખવી સંતાનોને સભ્ય બનાવે અને જ્ઞાતિની પરિવાર સુરક્ષા જાળવવામાં સહભાગી બને.

- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ



૧૯.૬.૧૩ના ધનલક્ષ્મીબેન માલાણી તરફથી બારવ્રતની પૂજા ભણાવવામાં આવેલ. અને મંડળને ૫૦૧ ભેટ મળેલ.

૨૪.૬.૧૩ના બીના શાહ તરફથી બારવ્રતની પૂજા ભણાવવામાં આવેલ મંડળને રૂા.૨૫૧ ભેટ મળેલ.

૫.૭.૧૩ના સ્મિતાબેન શાહ તરફથી શિવસાગર હોટલમાં કીટી પાર્ટી રાખવામાં આવેલ. ફેમીલી ગેમ્સમાં મંજરી વીરા રીટા સાવલા, પાસાની ગેમ્સમાં મીતા લાલકા, ભારતી લાલકાને પ્રાઇઝ મળેલ. હાઉસ રમી નાસ્તો કરી બધા છૂટા પડ્યા.

૯.૭.૧૩ અષાઢી બીજના હેમલતાબેન પદમશીભાઇ તરફથી શ્રીપાર્શ્વનાથ પૂજા ભણાવવામાં આવેલ તેમની પોત્રીના લગ્ન નિમિતે લગ્નગીત રાખવામાં આવેલ. તેમજ ડ્રેસ કોડ રાખવામાં આવેલ. મંડળને તેમને ભેટ આપી. સરલા ખોના, ભારતી લાલકા, દીના દેઢીયા, નયના ભુરીયાને ઇનામ મળેલ. પૂજા લાલકાને પ્રાઇઝ મળેલ. સર્વે સંઘને સાધર્મિક ભક્તિ તેમના તરફથી રાખવામાં આવેલ.

૧૦.૭.૧૩ના ગુણવંતીબેન લક્ષ્મીચંદભાઇ લુઠીયા તરફથી જયશ્રીબેન તેજસભાઇના નવા નિવાસસ્થાને વાસ્તુક પૂજા ભણાવવામાં આવેલ મંડળને ચાંદીનું મંદિર ભેટ મળેલ. નવકાર મંત્રની ફ્રેમની પ્રભાવના કરી. સાંજના તેમના પૌત્રની સગાઇ નિમિતે સંગીત પાર્ટી તેમજ સાધર્મિક ભક્તિ રાખેલ.

## શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ મોટીખાવડી

આ વર્ષે પૂ. અચલગચ્છાધિપતિ આ.શ્રી ગુણોદયસાગરસુરીજીની આજ્ઞા-આશિષે અત્રે સ્વાધ્યાયપ્રેમી પૂ.સા.શ્રી મહોદયશ્રીજી આ.ઠા.નો ચાતુર્માસ લાભ મળેલ છે. સંઘમાં આ ચાતુર્માસને ઐતિહાસિક, યાદગાર આરાધનામય બનાવવા અનેરો ઉમંગ-ઉત્સાહ છે. સારી સંખ્યામાં ભાવિકો માદરે વતનમાં ચાતુર્માસ આરાધના અને પર્વ ઉજવણી કરશે. સંઘની યુવા ટીમ સમગ્ર વ્યવસ્થા જાળવવા થનગની રહી છે. સંપુર્ણ ચાતુર્માસ દરમ્યાન સંઘની ભોજનશાળા ચાલુ રહેશે. દિવાળી વેકેશનમાં સમ્યગ જ્ઞાનવર્ધક સંસ્કાર શિબિરો, વિવધ અનુષ્ઠાન, પુજન, સ્પર્ધાઓ વગેરે યોજાશે. ૧૨.૮.૧૩ના ચંદ્રપ્રભસ્વામી જિનાલયની વર્ષગાંઠ-ધ્વજારોહણ શાનદાર રીતે ઉજવાશે. સંઘની નૂતન મહાજનવાડી નિર્માણ માટે આયોજન પણ આકાર લેશે.

સંઘની ઉન્નતિ માટે વિવિધ યોજનામાં દાતાઓ ઉદારદિલ લાભ લઇ રહ્યા છે. પૂજ્યશ્રીના શિષ્યાઓ પર્વમાં આસપાસ ગામોમાં પણ સૂત્રવાંચન આદિ આરાધના-પ્રેરણા કરશે.

## ફીલોસોફી કોંગ્રેસમાં જૈનધર્મ અંગે પરિસંવાદ

સમગ્ર વિશ્વના ટોચના ફીલોસોફરોની કોંગ્રેસ દર ચાર વર્ષે છેલ્લા ૧૦૦ વર્ષથી સભા ભરાય છે. આ વર્ષે આ કોંગ્રેસ વિશ્વવિખ્યાત ફીલોસોફર સોકેટીસના શહેર એથેન્સ-ગ્રીસમાં ૪ ઓગસ્ટથી યોજાશે. આ પરિસંવાદમાં આશરે ૧૦૦૦ ડેલીગેટસ હશે.

વિશ્વભરમાં જૈન તત્વજ્ઞાન અંગે જીજ્ઞાસા છે. 'જીતો' તથા મુંબઇ યુનીવર્સીટીના ફીલોસોફી ડીપાર્ટમેંટના સહયોગથી આ કોગ્રેંસમાં જૈનધર્મ તત્વજ્ઞાનની માહિતી આપવાના પ્રયત્નો થશે. એમાં ભારત, જાપાન, જર્મની, કેનેડા વગેરે દેશના પ્રતિનિધિઓ ભાગ લેશે.

આ કોંગ્રેસમાં ભારતમાંથી ડૉ. બિપીન દોશી, ડૉ. સુભદ્રા જોશી, ડૉ. ગીતા મહેતા, ડૉ. મીનલ કાતરણીકર, ડૉ. રન્ના દોશીને આમંત્રણ મળેલ છે.

## મુંબઇ યુનિ.નાં જૈનધર્મ અભ્યાસક્રમ માટે ઘસારો

સામાન્ય રીતે એવી માન્યતા પ્રચલિત છે કે જૈન સમાજ કિયા, પૂજા કે સંપ્રદાયના વાડામાં અટવાયેલો છે અને તેને જીવનસ્પર્શી અદ્‌ભૂત જૈન તત્વજ્ઞાનને સમજવામાં તથા શીખવામાં કોઇ રસ નથી. આ ઉપરાંત ભણેલા યુવાનવર્ગને પારંપારિક માન્યતાઓ ઉપર સુગ છે એવું ક્યારેક જોવા મળે છે. આ સમયે એક એવો વિશાળ સમુદાય ઉદ્‌ભવી રહ્યો છે જેને જૈન ધર્મમાં અંગત જીવન, સમાજ અને વિશ્વ સંબંધી અનેક સમસ્યાઓનું જે સમાધાન છે તેને જાણવાની ઇચ્છા છે.

મુંબઇ યુનીવર્સીટીમાં આ તરસને છીપાવે તેવા જૈનધર્મ તત્વજ્ઞાન સંબંધી અભ્યાક્રમો છેલ્લા ૧૭ વર્ષથી ચાલે છે. જેમાં આશરે ૨૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.

આ કોર્સમાં ૬ દ્રવ્ય, ૯ તત્વ, ૫ સમવાય, ૫




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

જ્ઞાન, બ્રહ્માંડ, કાળચક્ર, ૧૪ ગુણસ્થાન, અહિંસા, નવકારમંત્ર, જૈન ક્રિયાઓ, શ્રાવકાચાર, શ્રમણાચાર, તપ, સંથારો, શિલ્પકલા, જૈન સાહિત્ય જેવા અનેક વિષયોનો પધ્ધતિસર સરળ ભાષામાં અભ્યાસ કરાવવામાં આવે છે. આ ઉપરાંત સમૃદ્ધ લાઇબ્રેરી અને જૈન શિલ્પને અનુલક્ષી ટુર, સેમીનાર, પ્રોજેક્ટ વર્ક અને ચર્ચા પરિસંવાદ પણ હોય છે. ગયા વર્ષે કુલ ૨૫૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલ જે એક રેકોર્ડ હતો, પણ આ વર્ષે ગયા વર્ષનો રેકોર્ડ તૂટીને આશરે ૩૦૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લઇ લીધેલ છે અને હજી પ્રવેશ ચાલુ છે.

આ ફક્ત પાર્ટ ટાઇમ અભ્યાસક્રમ છે, જેમાં વિદ્યાર્થીઓએ અઠવાડીયામાં ફક્ત એક દિવસ ૪ કલાક વર્ગ ભરવાના હોય છે અને તેના સેંટર બોરીવલી, મરીનલાઇન્સ, ઘાટકોપર અને સાંતાક્રુઝમાં (કલીના યુનીવર્સીટી) ચાલે છે. કોર્સ ફી રૂા.૧૬૫૦ અને લઘુત્તમ લાયકાત ધોરણ ૧૨ પાસ અથવા જુનું એસ.એસ.સી. (૧૧ ધોરણ) વિશેષ વિગત માટે ફીલોસોફી ડીપાર્ટમેંટ, ફોન ૯૮૨૧૦૫૨૪૧૩ અથવા ૯૩૨૨૧૦૩૨૩૧ પર સંપર્ક કરી શકાય છે.

## ભાંડુપમાં ચાતુર્માસ પ્રવેશ

મુંબઇ મહાજનશ્રી, અનંતનાથ ટ્રસ્ટ તથા ભાંડૂપ સંઘના ઉપક્રમે ૧૮.૭.૧૩ના સવારે ૯.૩૦ કલાકે આદેશ્વર દાદાના દરબારે ૩૫૦ ભક્તજનોના સથવારે વિપુલ પરિવારના પૂ.સા.શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા. કનકગુણાશ્રીજી, તીર્થેશગુણાશ્રીજી, કૃતાર્થગુણાશ્રીજી મ.સા.નું સૌરાષ્ટ્ર દુગ્ધાલય પાસેથી ઢોલ-શરણાઇ, શણગારેલા બેંડાં, ગહુલીઓથી ભવ્ય ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સ્વાગત કરવામાં આવ્યું.

સવારના ફાઇવ સ્ટાર્સના યુવાનોએ ૩૫૦ જણાંને ઉછળતા ભાવે નવકારશી કરાવી. મુકેશ મહેતાએ સૌરાષ્ટ્ર દુગ્ધાલય ગુરૂદેવોના વધામણાં કરી સકળ શ્રી સંઘને પેંડાથી મોઢુ મીઠું કરાવી રૂા.૧૦ની પ્રભાવના કરી. આ પરિવાર વરસોથી આ પ્રણાલી જાળવે છે. પૂજ્યશ્રીઓ સાથે સંઘે ચૈત્યવંદન કરી બેંક્વેટ હોલમાં પધાર્યા. 'ગુરૂજી અમારા અંતર નાદ'ના નારાએ પર્ષદા ગાજી ઉઠી. હોલ ખીચોખીચ ભરાયેલ.

સામુદાયીક ગુરૂવંદના બાદ પૂજ્યશ્રીએ માંગલીક ફરમાવ્યું. ૧૦ જણે આયંબીલ કર્યા. મહાજનશ્રીના માનદ્મંત્રી ચેતનભાઇ મોતા, ઉપપ્રમુખશ્રી સંજય અજાણી, ખજાનચીશ્રી રાજેશ છેડા, સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતા, લક્ષ્મીચંદ પોલડીયા, સમીર દંડ, ક.વી.ઓ. સંઘના પદાધીકારીઓ અરવીંદ લોડાયા, લહેરચંદ મૈશેરી વગેરેની ઉપસ્થિતિ વિશેષ હતી.

વિવિધ પરાંઓના ગુરૂભક્તો, પૂજ્યશ્રીના વડીલો વગેરેનું ભાવભીનું સ્વાગત કર્યું. પૂ.સા.શ્રી કનકગુણાશ્રીજી મ.સા.એ ચાતુર્માસનો ઉદ્દેશ્ય અને મહત્વ સમજાવી સૌને સાંબદ્ધ કર્યા. પધારેલ ભાયંદરવાસીઓનો ઉત્સાહ અનેરો હતો. મહાજનશ્રીના પ્રમુખ શ્રી નયનભાઇ ભેદા વહેલા પધારી શુભેચ્છાની વર્ષા કરી. લહેરચંદભાઇએ ટ્રસ્ટબોર્ડે ચાતુર્માસ અગાઉ કરેલા જિનાલયનું રંગરોગાન, આકર્ષક ઉપકરણો, મોનસુન મંડપ, ત્રણ ઉપાશ્રયનું રીનોવેશન, દેરીઓનું શુશોભિકરણ, રંગમંડપના દરવાજા આદી અનેક કાર્યોની અનુમોદના કરતાં સૌએ તાળીએ વધાવેલ.

ઉત્તરાધ્યન સૂત્ર તથા મહાબલી મયણા સુંદરી ચરિત્ર ભાયંદરના સંઘના માતુશ્રી વાસંતીબેન ગાંગજી ગડા (શેરડી) તથા પંચજ્ઞાનની પૂજા જગશી પાસુ છેડા (નાના આસંબીયા) રતનબેન રતનશીં દેઢીયા, રતનબેન તિલકચંદ મૈશેરી, ધૈર્ય, નિકિતા, નિધી નરેશ મૈશેરી તથા મા. જમકુબાઇ ખેતશી નાગડા (નલીયા)એ ચડતા પરિણામે લહાવા લીધા.

ગુરૂ પૂજનનો લાભ રૂા.૧૬૦૦૧માં ભાયંદરના મા. રતનબેન રતનશીં દેઢીયા, મા. વાસંતીબેન ગાંગજી, મા. મોંઘીબેન હીરજીએ લીધો. મહાજનશ્રી વતીથી રાજેશ છેડાએ ફાઇવ સ્ટારની અનુમોદના કરી શુભેચ્છા આપી. ફાઇવ સ્ટાર પૂજ્યશ્રીના વડીલોની ભક્તિ કરી. રૂા.૨૦નું સંઘપૂજન થયું.

સૂત્ર-ચરિત્રનું વાંચન થશે જેનો લાભ લેવા જણાવાયું. સંઘમાં પર્વ અગાઉ ચાતુર્માસના રૂા.૧૧૦૦૦ના આધારસ્તંભોમાં ૨૩ પરિવારો તથા ૪૮ લબ્ધીના એકાસણાની ૩૬ તીથીઓ નોંધાઇ જતાં આનંદ થયો. ચાતુર્માસમાં વિવિધ તપ ૯૯ પ્રતિક્રમણ અભિયાન, ૪૪ સામાયીક, ભક્તામર ભાષ્યજાપ સહ, બાળકો અને શ્રાવિકા શિબીરની જાહેરાત થઇ. પૂ.સા.શ્રી


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

જયદર્શિતાશ્રીજી મ.સા.ના પ્રવેશે સંઘના ૬૦ જણાં બસથી અનંતનાથ જિનાલયે ગયા હતા.

## ધુલિયામાં ચાતુર્માસ પ્રવેશ

અત્રે ૧૦.૭.૧૩ના પૂ.સા. શ્રી રોહિણીશ્રીજીના પ્રશિષ્યા પૂ. સા. રત્નનિધિશ્રીજી આ.ઠા. ૪નો પ્રવેશ ધામધૂમથી સ્વ. શેઠશ્રી ગુલાબચંદ ભવાનજીના નિવાસ સ્થાનેથી થયેલ. સવારના એમના તરફથી નવકારશી તથા પ્રભાવના થયેલ. ત્યાંથી સવારે ૮ વાગે વાજતે ગાજતે શ્રી સંઘ સાથે ધુલિયાના મુખ્ય રસ્તાઓ પર થઇ શ્રી શિતલનાથ દેરાસરના દર્શન કરીને જૈન ભવનમાં પ્રવેશ કરેલ. પૂજ્યશ્રીએ માંગલીક સંભળાવેલ.

## નલિયા તિર્થે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પૂ.સા. કુમુદકિરણાશ્રીજીના શિષ્યાઓ પૂ.સા.શ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા. શ્રી હર્ષકિરણાશ્રીજી મ.સા. અને શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. આ.ઠા.-૩ ચાતુર્માસ માટે પધારતાં ૧૯.૭.૧૩નાં સવારના ૮.૩૦ કલાકે બહોળી સંખ્યામાં સામૈયા સાથે ભવ્ય પ્રવેશ થયો. દેશ-દેશાવરથી બહોળી સંખ્યામાં ભાવિકો પધારેલ. સામૈયામાં લગભગ ૧૭૫ ભાવિકોએ ભાગ લીધેલ. મહાજનશ્રી તરફથી પ્રભાવના હતી. આ ઉપરાંત અન્ય ભાવિકો તરફથી પ્રભાવના કરવામાં આવી.

## ભુજપુરમાં અભિષેક અનુષ્ઠાન

કચ્છી નવા વરસના ભુજપુરમાં મહાકાલી મંદિરે બધી મૂર્તિઓના મંત્રોથી મહાઅભિષેક શ્રી હીરાલાલ ડાઘા અને શ્રી કલ્પેશ મોતા પરિવાર તરફથી રાખવામાં આવેલ. તેજ રીતે આઠમના માતાજીનું વિશેષ મહાપૂજન-હવન-શણગારથી ઉજવાયેલ જેનો લાભ હેમેન્દ્ર વિસનજી લોડાયા પરિવારે લીધેલ. બહારગામ અને સ્થાનિક ભાવિકો પધારેલ.

ગુરૂદેવ અચલગચ્છાધિપતિ જિનેન્દ્રસાગરસૂરિ હાઇસ્કૂલ જે ૫૦ વરસ પહેલા પૂજ્ય ક્ષમાનંદજી મહારાજશ્રીએ ગામના બાળકોના વિદ્યાપ્રેમને જોઇ સરકારશ્રીમાં પચાસ હજાર આપી ગુરૂદેવના નામ જ્ઞાનની જ્યોતિ આપેલ. જેનો ઉત્સવ શનિવાર, રવિવાર ૧૩.૭ અને ૧૪.૭.૧૩ના વિવિધ કાર્યક્રમોથી ઉજવાયેલ. શનિ સવારના જ્ઞાન પોથીની પૂજા કરી શણગારેલ રથોમાં જ્ઞાન પોથીઓ. અન્ય રથોમાં હાઇસ્કૂલના ભૂતપૂર્વ શિક્ષકો, પ્રથમ બેચના છાત્રો, પૂજ્ય યતિશ્રી સાથે શોભાયાત્રામાં હાઇસ્કૂલ પટ્ટાંગણમાં પહોંચી ત્યાં પુસ્તક મેળો. આર્ટગેલેરી તેમજ અદાણીપોર્ટ તરફથી તૈયાર થયેલ પ્રાર્થનાહોલ જે ધારાસભ્ય તારાચંદ છેડાના કરકમળોથી ખુલ્લું મુકાયેલ. આનંદમેળો, રાત્રે ૮ થી ૧૨માં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ ભવ્યરીતે ઉજવાયેલ. રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લેનાર છાત્રોને પ્રોત્સાહન ઇનામ-પ્રમાણપત્રો અપાયેલ. આ ખાસ સમારંભ યતિશ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મહારાજના અધ્યક્ષસ્થાને રખાયેલ. આમંત્રિતો, દાતાઓ, ભૂતપૂર્વ શિક્ષકો અને છાત્રો દ્વારા ગુરૂવંદના થયેલ. ગુરૂપુર્ણિમા ઉત્સવ ઉજવાયેલ.

પૂ. ક્ષમાનંદજી મહારાજના નામે હાઇસ્કૂલ આપી જેની અનુમોદના સમસ્ત સમાજ તરફથી થયેલ. એમની પ્રેરણાથી બાલમંદિર, પ્રાથમિક શાળા, કન્યાશાળા, હાઇસ્કૂલ અને ઉત્તર માધ્યમિક શાળા આમ ૧ થી ૧૨ સુધી ઘર આંગણે વિદ્યા પ્રાપ્ત કરી અનેક છાત્રો સમાજમાં આગળ વધ્યા છે. એવા જ્ઞાનદાતા વિદ્યાપ્રેમીના સુર્વણ ઉત્સવ સંભારણારૂપ રહેલ. ખાસ મુંબઇ થી ૧૬૪ ભાઇ બહેનો ઉત્સવને ચાર ચાંદ લગાડેલ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, દાતાઓ, ગામજનો, સેવાસમાજ સહિત નામી-અનામી સૌના સહયોગ માટે યતિશ્રીએ આશીર્વાદ આપી ગુરૂદેવના નામની હાઇસ્કૂલ ખુબ ફૂલે ફાલે અને સંસ્કારથી સમાજમાં નામ રોશન કરો, આગળ વધો એવા આશિર્વાદ આપેલ. શ્રી મહેન્દ્ર ગઢવીએ આભારદર્શન કરાવેલ.

## શ્રી નેમયુથ ફોરમ-મોટી સિંધોડી

યુથફોરમ દ્વારા ૭.૭.૧૩ના ગોવિંદધામ, ઇગતપૂરીમાં એક દિવસીય પિકનીક યોજાયેલ. જેમાં ૩૧ જણાંએ ભાગ લીધેલ. મુલુન્ડથી સવારના ૭ વાગે પ્રસ્થાન કરી ઘોડબંદર ઉપર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દર્શન તથા નવકારશી કરી આગળ પ્રસ્થાન કર્યું. બપોરના ૧૨.૩૦ વાગે ગોવિંદધામ પહોંચી સુંદર નૈસર્ગિક વાતાવરણમાં કુદરતી ધોધમાં નાહવાનો સૌએ આનંદ માણ્યો. બપોરના જમણ પછી ગોવિંદધામના સ્વિમિંગપૂલમાં બાળકોએ નાહવાની મજા માણી તથા કેરમ અને અન્ય ગેમો રમ્યા. સાંજે ગેટ-ટુ-ગેધર કરી સર્વેનો આભાર માની સાંજનું જમણ પતાવી મુંબઇ પાછા ફર્યા. ફોરમના પ્રમુખ શ્રી વિશાલ શાહ અને ટીમે સરસ મહેનત કરી કાર્યક્રમ સફળ બનાવેલ. પિકનિકની સમગ્ર વ્યવસ્થા શ્રી જયંતીભાઇ મૈશેરી (જયપ્રિત ટુર્સ-મુલુન્ડ) સંભાળેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મોટી સિંધોડી

મહાજનના ઉપક્રમે પર્યુષણ પર્વની ઉજવણી હંમેશા પ્રમાણે કરવામાં આવશે. ઇચ્છુકો સંપર્ક કરી નામ નોંધણી કરાવે જેથી ત્યાં સુવિધા-આયોજન થઇ શકે. પર્વ દરમ્યાન સ્વપ્ન તથા અન્ય લાભ લેવા હોય તેમણે મહાજનનો સંપર્ક કરી લાભ લઇ શકાશે. મહાજન દ્વારા પર્યુષણ

બાદ ચૈત્ય પરિપાટીમાં વિવિધ જિનાલયના દર્શન, આચાર્ય ભગવંત તથા સાધુ-સાધ્વીજીઓને સંવત્સરી વંદનનું આયોજન છે. ઇચ્છુકો પોતાના નામ માટે સંપર્ક કરવા જણાવાયું છે શ્રીમતી જ્યોત્સનાબેન મૈશેરી-૯૯૨૦૫૨૯૫૫૫, શ્રી હેમાંગ લોડાયા-૯૯૨૦૬૪૬૮૪૬, શ્રી વિશાલ શાહ-૯૮૧૯૩૭૩૮૨૮.

૧૨.૧.૧૪ના ગામનું વાર્ષિક સ્નેહમિલન તથા સ્વામિવાત્સલ્ય, સરસ્વતી સન્માન, તપસ્વી બહુમાન ગામના દેરાસરના વાર્ષિક ચડાવા તથા ધજાના ચડાવા વગેરે સાથે સવારના શ્રી હર્ષ દેઢીયાના સંગાથે નવકાર મંત્રના જાપ વગેરે કાર્યક્રમ શેઠ નરશી નાથા સભાગૃહ, પહેલે માળે, ભાંડુપમાં રાખેલ છે.

## શ્રી પ્રગતિ મહિલા મંડળ અને શ્રી નેમયુથ ફોરમ-મોટી સિંઘોડી

બન્ને સંસ્થાના નેજા હેઠળ શનિવાર, ૧૯.૧૦.૧૩ના નેમ-પ્રગતિ દાંડીયારાસનો કાર્યક્રમ શેઠશ્રી નરશી નાથા સભાગૃહ (ભાંડુપ)માં રાખેલ છે. આ કાર્યક્રમમાં ધંધા વ્યવસાયના જાહેરાત બેનર આપી શકાશે. તેમજ ધંધાકીય સ્ટોલ પર બુક કરી શકાશે. વધુ વિગત માટે સંપર્ક : શ્રીમતી જ્યોત્સનાબેન મૈશેરી-૦૯૯૨૦૫૨૯૫૫૫ તથા શ્રી વિશાલ શાહ - ૯૮૧૯૩૭૩૮૨૮. બન્ને સંસ્થામાં સભ્યપદ આવકાર્ય છે.

## કુ. મૈત્રી રાજેશ છેડા

કુ. મૈત્રી છેડા (સુજાપુર-ઇંદોર) ૧૨ વર્ષની વયે



શિક્ષણ ઉપરાંત રમતગમત ક્ષેત્ર ટેબલ ટેનીસમાં ગાંધીધામ, છતીશગઢ, જાંબુઆ, ખંડવા, આગર-માલવા અને ઇંદોરમાં રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ ઝોનલ ટેબલ ટેનીસ સ્પર્ધાઓમાં હંમેશા ભાગ લઇ પ્રથમ-દ્વિતીય ક્રમાંક મેળવેલ છે. શ્રી સત્ય સાંઇ સ્કુલ-ઇંદોર તરફથી નેશનલ લેવલના સીમલા એડવેન્ચર કેમ્પ માટે પસંદ થયેલ તથા સ્પોર્ટ્સ સ્કોલરશીપ મેળવેલ છે.

આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ભાવિમાં ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ.

## સામાજિક સુરક્ષા યોજનાને પ્રોત્સાહન

જ્ઞાતિજનો માટે કલ્યાણકારી આ પરિવાર સુરક્ષા યોજનાને વધુ પ્રોત્સાહિત કરવા જ્ઞાતિના સખી દાતાઓએ ઉદારમને યોગદાન આપ્યું છે અને જરૂરતમંદ પરિવારોના લાભાર્થે આ યોજનાના સભ્યપદ માટેની રૂા.૨૦૦૦ની ડીપોઝીટ પણ સ્વયં ભરી જ્ઞાતિદાઝ દાખવી છે.

આ પરંપરામાં આગળ વધતાં, સામાજિક કાર્યકર શ્રી લબ્ધિભાઇ ભવાનજી મોમાયા (જખૌ-ગાંધીધામ) ભલારાદાદા એસ્ટેટ એજન્સી પરિવાર તરફથી ૨૫ સભ્યોની ડીપોઝીટ રકમ ભરવાની ઓફર આવી છે. ઇચ્છુક જરૂરતમંદ પરિવારો જેમાં હજી સુધી કોઇ સભ્ય ન બન્યું હોય એમણે સભ્યપદ માટે ફોન : ૦૯૮૨૦૮૦૮૦૭૭ પર સંપર્ક કરવા જણાવાયું છે. આવેલ પુછપરછમાંથી પસંદગી કરી ૨૫ નવા સભ્ય બનાવાશે જેમને સભ્ય ફીના રૂા.૨૦૦ ભરવાના રહેશે.

## રાયપુરમાં યોગ શિબિર

રાયપુર યુવા મંડળ દ્વારા ૨૪.૬થી ૩.૭.૧૩ સુધી દસ દિવસીય યોગ શિબિર શ્રી કુંથુનાથ જૈન દેરાસરના હૉલમાં રાખવામાં આવેલ.

મુંબઇથી યોગ પ્રશિક્ષિકા ગીતાબેન જૈન અને શ્રી દિપકભાઇ જાની પધારી શિબિર સંચાલન કરેલ.

આ શિબિરમાં જ્ઞાતિના તથા અન્ય ભાઇ-બહેનોએ ભાગ લઇ વિભિન્ન શારિરીક, માનસિક તકલીફોથી રાહત મેળવવા માર્ગદર્શન મેળવેલ.

દસ દિવસીય આ શિબિરના મુખ્ય પ્રભારી શ્રી મિલન ઉત્તમચંદ મૈશેરી અને સૌ. મિત્તલ ભાવિક શાહ હતા. આ શિબિરને સફળ બનાવવા સૌ. પૂજા હિતેશ મોમાયા, શ્રી હિતેશ શરદ મોમાયા, શ્રી ભાવિક શશીકાંત શાહે સારી જહેમત ઉઠાવેલ.

શિબિરના અંતિમ દિને ઓપન ચર્ચાસત્ર રાખવામાં આવેલ જેમાં સારી સંખ્યામાં જિજ્ઞાસુઓ આવેલ અને લાભ લિધેલ.

મંડળ વતીએ બન્ને પ્રશિક્ષકોનું શૉલ, શ્રીફળથી સન્માન કરી ભેટ આપવામાં આવી. અંતિમ દિને સવારના ચા-નાસ્તાની વ્યવસ્થા માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર તરફથી હતી.

## શ્રી છતીશગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ

શ્રી સંઘની વિશેષ સામાન્ય સભા રવિવાર ૧૪.૭.૧૩ના કુંથુનાથ હૉલમાં મળેલ. કોરમના અભાવે સભા મુલત્વી રાખી અડધા કલાક બાદ ફરી એજ સ્થળે મળી. સંઘ પ્રમુખશ્રી તરૂણ શીવજી શાહ સાથે મંચપર સંઘના ઉપપ્રમુખ શ્રી હરીશ જવેરચંદ લોડાયા, શ્રી રતીલાલભાઇ શાહ, સંઘ સંચિવ શ્રી ચંદ્રેશ છેડા, હિતેશ શરદ મોમાયા, ભરત નારાણજી મૈશેરી સાથે સ્થાયી આમંત્રિત શ્રી ખીમજી નેણશી મોતા (ભાટાપરા), શ્રી ભૂપેશ ઉમરશી શાહ (ધમતરી), શ્રી યોગેશ પદમશી દંડ (ભિલાઇ) બિરાજીત હતા.

પ્રારંભે નવકાર મંત્ર બાદ દ્વિપ પ્રાગટ્ય સાથે કુંથુનાથ, મહાકાલી માતા અને શેઠ નરશી નાથાની છબીને

માલ્યાર્પણ મંચ પર ઉપસ્થિત આગેવાનો દ્વારા કરવામાં આવેલ. સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન આયોજીત જ્ઞાતિ સંમેલન રાયપુરમાં કરાવવા કાર્યકારીણીની આમ સભામાં પ્રસ્તાવ રાખવામાં આવ્યું. જેની વિસ્તૃત જાણકારી ચંદ્રેશ વી. છેડાએ આપેલ. આ જ્ઞાતિ સંમેલન રાયપુર મધ્યે કરાવવા શ્રી રતીલાલ કેશવજી શાહ, શ્રી તરૂણ શીવજી શાહ, શ્રી ખીમજી નેણશી મોતા અને શ્રી યોગેશ પદમશી દંડે પોતાના વિચારો રજુ કરી આ સંમેલનની સફળતા માટે બધાને સહયોગ આપવા નિવેદન કરેલ અને એ ઠરાવ સર્વાનુમતે પાસ કરવામાં આવેલ. આ બાબત શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનને પત્ર દ્વારા જાણ કરવામાં આવી છે.

શ્રી સંઘના કાયમી શિક્ષણ ફંડમાં માતુશ્રી લક્ષ્મીબાઇ કરમશી શિયાડ પરિવાર (જખૌ-રાયપુર) વતી સૌ. પુષ્પાબેન મોતીચંદ શિયાડ દ્વારા એક માતબર રકમ મળેલ એ બદલ સંઘ દ્વારા એ પરિવારનું શૉલ, શ્રીફળ અને મોમેન્ટો આપી સન્માન કરી અનુમોદના કરવામાં આવી. સાથે જ આ ફંડમાં માતુશ્રી વેલબાઇ કલ્યાણજી મૈશેરી (જખૌ-ધમતરી) દ્વારા પણ સહયોગ રાશી મળેલ એમની પણ અનુમોદના કરવામાં આવી.

શ્રી ક.દ.ઓ. વેલફેર એસો. દ્વારા સંચાલિત ‘સામાજીક સુરક્ષા’ યોજનાની વિગતવાર જાણકારી આપવામાં આવી અને આ યોજનામાં જોડાવા આગ્રહ કરવામાં આવેલ. શ્રી પ્રવિણ માણેકજી મૈશેરી (રાયપુર)ને છત્તીસગઢ શાસન દ્વારા સંચાલિત સ્કૂલોના દિશા-નિર્દેશ આપતી સમિતિમાં સક્રિય કાર્યકર્તા રૂપે લેવામાં આવેલ તે બદલ અભિનંદન આપવામાં આવેલ.

અંતમાં સમાજમાં વર્ષ દરમ્યાન થયેલ અવસાન બદલ શ્રધ્ધાંજલી આપવામાં આવી સભામાં ઉપસ્થિત સર્વેનું સાભાર માની ચા-નાસ્તા બાદ સભા પુરી થઇ.

સંઘ તરફથી વરસીતપના તપસ્વી શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી તથા છ’રીપાલિત સંઘના યાત્રાળુ સૌ. પ્રભાબેન મહેન્દ્ર લોડાયાનું બહુમાન કરી અનુમોદના કરવામાં આવી.

## શ્રી છતીશગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ

મંડળ દ્વારા કચ્છી નવા વર્ષની ઉજવણી ૧૪.૭.૧૩ના બપોરના ૩.૩૦ વાગે શ્રી કુંથુનાથ હોલમાં કરવામાં આવેલ.

કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી રતિલાલ કેશવજી શિયાડ અને માતુશ્રી જમકુબેન રતીલાલ શિયાડ સાથે મંચપર શ્રી તરૂણ શિવજી શાહ, સંઘના ઉપપ્રમુખ શ્રી હરીશ જવેરચંદ લોડાયા, મહિલા મંડળના પ્રમુખ સૌ. મંજુલાબેન કુલિનકાંત જીવાણી, શ્રીમતિ તૃપ્તી છેડા અને કાર્યકારી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ મિનલ ઉત્તમ મૈશેરી ઉપસ્થિત હતા.

મંચસ્થ મહાનુભાવો દ્વારા દ્વીપ પ્રાગટ્ય સાથે પ્રભુ કુંથુનાથ, મહાકાળી માતાજી તથા શેઠ નરશી નાથાની છબી પર માળારોપણ કરવામાં આવેલ. નવકાર મંત્ર બાદ શ્રીમતિ દીપા છેડા, કુ. નમ્રતા છેડા અને ખુશ્બુ લાલકાએ સુંદર નૃત્ય પ્રસ્તુત કરેલ.

મંચસ્થ માન્યવરોનું સ્વાગત અને સન્માન શૉલ, શ્રીફળ અને પુષ્પગુચ્છ દ્વારા કરવામાં આવ્યું. કાર્યકારી અધ્યક્ષ સ્વાગત ઉદબોધન કરેલ. કચ્છી નવા વર્ષના કાર્યક્રમના કાયમી ઇનામના પ્રમુખ દાતા પરિવાર મા.મુરબાઇ જવેરચંદ વેલજી લોડાયા પરિવારનું, શરદપૂર્ણિમાં કાર્યક્રમના ઇનામના પ્રમુખ દાતા સૌ. કસ્તુરીબેન તિલકચંદ મોમાયા પરિવારનું સન્માન શૉલ, શ્રીફળ અને મોમેન્ટા આપી કરવામાં આવ્યું. બન્ને પરિવારની ઉદારતાને તાળીઓથી વધાવી અનુમોદના કરવામાં આવી. ઇન્દોર (મ.પ્ર.)થી પધારેલ મહાજનના કાર્યકારી સભ્ય શ્રી સુધીરભાઇનું સન્માન કરવામાં આવેલ.

આ વર્ષે યુવા મંડળના શ્રેષ્ઠ કાર્યકર્તાઓ : અંકિત યોગેશ દંડ (ભિલાઇ), કુ. રોશની તરૂણ લોડાયા, સૌ. હેતલ ગીત શાહનું મોમેન્ટો, પુષ્પ અને તિલક કરી સન્માન કરવામાં આવ્યું.

વડીલ સન્માન (૭૦ વર્ષ પછી ઉપર)માં શ્રી તિલકચંદ ડુંગરશી મોમાયા અને સૌ. કસ્તુરીબેન તિલકચંદ મોમાયાનું સન્માન શૉલ, શ્રીફળ, મોમેન્ટોથી કરવામાં આવેલ.

સન્માન અભિનંદન કાર્યક્રમ બાદ મંચ પર બિરાજીત અતિથિઓએ પ્રાસંગિક ઉદબોધન કરેલ અને યુવા મંડળના કાર્યકર્તાઓની કાર્યની પ્રસંશા કરી એમને આર્શીવચન આપેલ.

કાર્યક્રમમાં આયોજીત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામ આપી અતિથિઓ દ્વારા પ્રોત્સાહિત કરાયા. (૧) ફ્રુટ ગેમ (૪ થી ૬ વર્ષ) : પ્રથમ-નૈતિક લાલકા દ્વિતિય-વિધિ મોમાયા (૨) ટમાટર રેસ : (૭ થી ૧૦ વર્ષ) પ્રથમ-કુશલ મોતા (ભાટાપારા), દ્વિતીય - રજત મોમાયા (૩) વેજીટેબલ રેસ : (૧૧ થી ૧૮ વર્ષ) પ્રથમ - પૂર્વેશ લોડાયા, દ્વિતિય - ચાર્વી લોડાયા (૪) કપલગેમ : પ્રથમ-ભાવિક અને મિત્તલ શાહ, દ્વિતીય - અમિત અને ભવ્યા જીવાણી (૫) વાનગી સ્પર્ધા : ફ્રૂટ્સ માટે - પ્રથમ-સૌ. ભારતી યોગેશ દંડ (ભિલાઇ). ફરસાણ માટે : પ્રથમ-સૌ. સેજલ હિતેશ શાહ, દ્વિતીય-સૌ. પ્રજ્ઞા વિપુલ મોતા (ભિલાઇ). ટેલેન્ટ હંટ : (ગ્રુપ-એ) (૧) વિધિ મોમાયા (૨) મોક્ષ જીવાણી. (ગ્રુપ-બી) (૧) ચેતન ખોના જીનેશ ખોના (૨) કુ. નમ્રતા છેડા. કાર્યક્રમના અંતે કચ્છી જમણનો આસ્વાદ માણી દાંડીયારાસની રમઝટ જમાવી.

કાર્યક્રમ માટે સૌ. હેતલ ગીત શિયાડ, સૌ. પૂજા હિતેશ મોમાયા, સૌ. ડિમ્પલ જયેશ નાગડા, કુ. રોશની લોડાયા, સૌ. દિપા નયન છેડા, સૌ. ગીતા દિપેશ લાલકા, કુ. નમ્રતા ચેતન છેડા અને ચેતન હરીશ ખોનાએ સારી જહેમત ઉઠાવેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ. કાર્યક્રમનું સૂત્ર સંચાલન કુ. પૂર્વા ભુપેન્દ્ર મોમાયા અને રૂપા નવિન શિયાડે રસપ્રદ રીતે કરીને સૌને રોમાંચિત કરેલ. કાર્યક્રમનું સમાપન અને આભાર પ્રદર્શન નયન છેડાએ કરેલ.

## ભાવનગરમાં અષાઢી બીજ ઉજવણી

ભાવનગર કચ્છ સમાજ દ્વારા સતત ૨૭મા વર્ષે અષાઢીબીજની ઉજવણી સમાજનાં એન્કરવાલા સંકુલના શ્રી જગશી જેઠાભાઇ છેડા સભાગૃહમાં શ્રી બિપીનભાઇ કે. ઠક્કર (જીલ્લા વિકાસ અધિકારી)ની અધ્યક્ષતામાં સાંજે કરવામાં આવી.

સમાજ બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઇ. ત્યારબાદ સમાજની વાર્ષિક સાધારણ સભા મળેલ જેમાં માનદ્મંત્રીશ્રી ડૉ. ઇન્દ્રભાઇ આર. ગઢવીએ વર્ષ દરમ્યાનની સમાજની પ્રવૃતિઓની માહિતી આપી. માનદ્ ખજાનચી શ્રી જીતેન્દ્રભાઇ શાહે વાર્ષિક હિસાબો રજુ કર્યા. પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ શાહે સૌને આવકાર્યા તેમજ સમાજની માહિતી રજુ કરી પરિવાર સદસ્યોને એકતા, ભાઇચારો અને અનુશાસન જાળવી રાખી સમાજનું સંગઠન મજબુત કરવા અનુરોધ કર્યો. યુવા પેઢીને આગળ આવવા અને સમાજને ઉંચાઇ પર લઇ જવા અનુરોધ કરેલ.

### ડોલર પ્રતાપ શાહ રોટરી ક્લબના પ્રેસીડેન્ટ ચુંટાયા

શ્રી ડોલર પ્રતાપ શાહ (લોડાયા) (સુથરી) રોટરી ઇન્ટર નેશનલની રોટરી ક્લબ ઓફ મુલુન્ડના વર્ષ ૨૦૧૩-



૧૪માટે પ્રમુખપદે નિમાયા છે. તેઓ રોટરી ક્લબના ગોલ્ડન જ્યુબીલી પ્રમુખ બન્યા છે. આ વર્ષે રોટરી ક્લબ ઑફ મુલુન્ડ તેમની સ્થાપનાની સુવર્ણ જયંતી ઉજવી રહ્યું છે.

છેલ્લા ૨૦ વર્ષથી રોટરી ક્લબમાં વિવિધ પદો પર રહી તેઓ આજે આ મુકામે પહોંચ્યા છે. તેમની વિધિવત શપથવિધિ ૬ જુલાઇના રોજ મ્હાપે (નવી મુંબઇ) ખાતે Hotel Country Inn માં સંપન્ન થઇ હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે માજી રોટરી ઇન્ટરનેશનલ પ્રમુખ રોટેરીયન કલ્યાણ બેનરજી તથા અતિથિ વિશેષ પદ્મભૂષણ શ્રીમતિ રાજશ્રી બિરલા પધાર્યા હતા.

કુટુંબીજનો, મિત્રો તથા સહ રોટેરીયનો બહોળી સંખ્યામાં આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

## અબડાસાના ૨૫ ગામોમાં લીલોચારો નખાયો

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ તથા સુથરી ઘૃતકલોલ પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટના સહકારથી અબડાસાના પચીસ ગામોમાં સતત બે મહિના સુધી દરરોજ પચ્ચીસ મણ લીલો ચારો પશુઓને અપાયો હતો. જેની વ્યવસ્થા સર્વશ્રી કીર્તિભાઇ લોડાયા, પ્રવીણભાઇ લોડાયા એ રાજેન્દ્ર લાલકાએ સંભાળી હતી.

## અમલનેર મહિલામંચ

મંચના ઉપક્રમે ૧૧.૭.૧૩ના સૌ. હિરાવંતી તિલકચંદ નાગડાના ઘરે મહાકાળી માતાજીની ભણાવવામાં આવી. જેમાં સારી રમઝટ જામી. પ્રસાદ લઇ સૌ છુટા પડ્યા.

## નાગપુરમાં કચ્છી નવા વર્ષની ઉજવણી

અત્રે ૯.૭.૧૩ના કચ્છી નવા વર્ષની ઉજવણી શ્રી મેઘજી ભાણજી પોલડીયાના ઘરે થઇ. સવારના ૧૦ વાગ્યાથી મહાકાળીમાતાની ભાવના ભણાવાઇ. એ પહેલાં સર્વેને નવા વર્ષની વધાઇ સાથે શુભેચ્છા અપાઇ.

આ પ્રસંગે સર્વે જ્ઞાતિબાંધુઓ તથા અડોશપડોશથી સારી હાજરી રહી. ભાવના બાદ દાંડીયારાસની રમઝટ જામી. સ્વામિવાત્સલ્ય સંભવનાથ દેરાસરના સંકુલમાં રાખવામાં આવેલ જેનો લાભ લઇ આનંદથી છુટા થયા.

## સાંધવમાં ચાતુર્માસ પ્રવેશ

અત્રે પૂ. તપસ્વી મુનિ શ્રી કંચનસાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ ૧૯.૭.૧૩નાં ૪૦૦ જણાંની સંખ્યામાં ભવ્ય સામૈયાથી થયેલ. બેંડપાર્ટી, ઢોલ-શરણાઇથી વાજતે ગાજતે સંઘની શોભાયાત્રામાં શણગારેલા બેડાંઓથી સ્વાગત થયેલ. આ પ્રસંગે ગામેગામથી ભાવિકો, ગામવાસીઓ અને નિયાણીઓ પધારેલ.

ગુરૂપુજનનો લાભ શ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાળા) પરિવારે, સૂત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી મણીબાઇ માણેકજી લોડાયા હ. ચાંપશીભાઇ પરિવારે અને ચરિત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી લીલબાઇ માણેકજી દંડ પરિવાર (ડોંબિવલી)એ લીધેલ.

બીજે દિવસે નૂતન ભોજનશાળા તથા અતિથીગૃહનું ઉદ્ઘાટન સકલ સંઘની વિશાળ હાજરીમાં થયું આ પ્રસંગે મુંબઇ, દેશાવળ અને કચ્છથી સારી સંખ્યામાં આમંત્રિતો અગ્રણીઓ પધારેલ.

માનવંતા મહેમાનોના સ્વાગત થયેલ. સાંધવમાં નવનિર્મિત ભોજનશાળા અને અતિથીગૃહના ઉદ્ઘાટન

થયા. દાતા પરિવારોની ભાવનાની અને કાર્યકરોની જહેમતની અનમોદના કરાઇ.

૨૦.૭.૧૩ના વાસ્તુપૂજા ભણાવવામાં આવેલ. વાંકુથી મણીલાલભાઇ લોડાયા તેમજ કસ્તુરીબાઇ લોડાયા, જયા સોની, હીરાવંતી લોડાયા, નિર્મલાબેન લોડાયા, અને ગુણવંતી મોતાએ સારી એવી રમઝટ સાથે પૂજા ભણાવેલ.

## જિજ્ઞેશ નવીનચંદ્ર મોતા

હૈદ્રાબાદમાં વકીલ શ્રી જિજ્ઞેશ નવીનચંદ્ર મોતા (લાખણીયા)એ નીડરપણે ગૌરક્ષા કાર્યો અને સામાજિક, રાજનીતિક, ધાર્મિક આદી ક્ષેત્રે સેવાઓ બદલ આ વર્ષના 'સર્વોદય સેવા સન્માન ૨૦૧૩' માટે પસંદ કરાયા છે. આ સન્માન સાહિત્ય-ઇતિહાસ સંશોધક મુનિ શ્રી સર્વોદયસાગરજી આ.ઠા.ના આ વર્ષે સુરત ચાતુર્માસ પ્રવેશ દિને ૨૧.૭.૧૩ના એક ખાસ કાર્યક્રમમાં કરાશે.



શ્રી જિજ્ઞેશભાઇ ઘણાં વર્ષોથી દક્ષિણ ભારતની અગ્રણી સમાચાર પત્રિકા 'ડેલી હિન્દી મિલાપ,' આંધ્ર પ્રદેશમાં અગ્રસેન કો.બેંક અને અન્ય ઘણી આર્થિક સંસ્થાઓના કાનુની સલાહકાર તરીકે કાર્ય કરી રહ્યા છે.

મેટ્રોપાલિટન ક્રિમિનલ કોર્ટના સ્થાઇ લોક-અદાલતના પણ સભ્ય છે.

શ્રી જિજ્ઞેશભાઇ છેલ્લા ૨૦ વર્ષોથી ઓનરરી એનિમલ વેલફેર ઓફિસર તરીકે મિનિસ્ટ્રી ઓફ એન્વાયરોનમેંટ એન્ડ ફોરેસ્ટ વિભાગ દ્વારા નિયુક્ત સભ્ય છે. છેલ્લા ૧૫ વર્ષોથી પ્રાણી ક્રુરતા વિરોધી કાયદા અન્વયે સ્પેશિયલ પોલીસ ઓફિસર તરીકે કાર્યરત છે વિવિધ બાર એસો.ના સભ્ય અને શાંતિ સમિતિના સભ્ય છે. શ્રી જિજ્ઞેશભાઇને વર્ષ ૨૦૦૨માં મહારાણા પ્રતાપ એવોર્ડ, વર્ષ ૨૦૦૩માં ગોલ્ડન સ્ટાર પ્રતિભા એવોર્ડ, વર્ષ ૨૦૦૭માં આચાર્ય ચાણક્ય સદ્‌ભાવના એવોર્ડ, વર્ષ ૨૦૦૮ માં મધર ટેરેસા મેમોરિયલ એવોર્ડ, વર્ષ ૨૦૧૨માં મોતા પરિવાર યુથ ફોરમ દ્વારા વિશિષ્ટ સન્માનથી નવાજવામાં આવેલ.

જિજ્ઞેશભાઇ ઉચ્ચ અભ્યાસ સાથે વ્યવસાય ઉપરાંત સામાજિક સેવામાં પ્રવૃત છે. હાર્દિક અભિનંદન.

## સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલી

સ્વસ્તિક ગ્રુપ દ્વારા ખાનદેશ મહારાષ્ટ્રની ચૈત્ય પરિપાટી ૨૦ થી ૨૨.૯.૧૩ દરમ્યાન યોજાઇ છે. જેમાં નેર, બલસાણા, ડોંડાઇચા, ચોપડા, પારોલા, અમલનેર, ધુલીયાના દર્શન-વંદનનો લાભ લેવાશે. વ્યક્તિદીઠ ચાર્જ રૂા.૬૦૦ છે નામ નોંધણી છેલ્લી તા.૨૦.૮.૧૩, વિવિધ લાભ માટે દાતા આવકાર્ય છે. સંપર્ક : ૯૭૭૩૦૯૮૬૪૮/૯૧૬૭૯૨૧૬૮૨.

ગ્રુપ દ્વારા ડોંબિવલીમાં ૪.૮.૧૩માં કે.બી.વીરા સ્કુલમાં દ્વિતીય રક્તદાન શિબિર અને નિઃશુલ્ક આંખ તપાસણી કેમ્પ રખાયો છે. આ સામાજિક સેવા પ્રવૃતિનાં સૌજન્ય દાતા મા. તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢ) અને મા. ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર (વરાડીયા) છે.

## અરિહંત બેંકની ૩૦મી વાર્ષિક સભા

શ્રી અરિહંત કો.ઓપ.બેંકની ૩૦મી વાર્ષિક સભા શનિવાર ૧૩.૭.૧૩નાં બપોરે ૩.૩૦ વાગે કાલીદાસ સભાગૃહ, મુલુન્ડમાં મળી હતી. અંદાજે દોઢેક હજાર શેરધારકોએ હાજરી આપી. ચેરમેન શ્રી કુમારભાઇ દંડે આવકાર આપી બેંકની પ્રગતિ વિષે માહિતી આપી. બેંકની ગતવર્ષનો પ્રગતિ અહેવાલ અને વર્ષ ૨૦૧૨-૧૩ના અન્વેષિત હિસાબો રજુ થયા અને મંજુરી અપાઇ. શેરધારકોના ઉચ્ચ ગુણાંકે ઉત્તીર્ણ છાત્રોને વિશેષ ઇનામો / શિષ્યવૃતિઓ આપી બહુમાન કરાયું. આ વર્ષે બેંક તરફથી ઉપસ્થિત શેરધારકોને આકર્ષક પ્રવાસીબેગ ભેટ અપાયેલ.


શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**

શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

**૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.**


**પુજારી જોઇએ છે**

ચાલીસગામ દેરાસર માટે યોગ્ય અનુભવી પુજારીની જરૂર છે. પગાર યોગ્યતા મુજબ.

**-: સંપર્ક : -**

**શ્રી ક.દ.ઓ. જૈન શ્વે. દેરાસર ચાલીસગામ**

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શાંતિલાલ દેવણાંધ મૈશેરી** | એચ ન.૨-૨૦-૧૦૩/૧, ચીલકનગર, શિવાલયમ પાછળ, ઉપ્પલ, હૈદરાબાદ-૩૯ ફોન : 9848671871 |
| **ખમાવંતી આર. લોડાયા** | ફ્લેટ સી, ડાયમંડ કેસલ, બીજે માળે, કેશવાપુર, હુબલી-૫૮૦૦૨૩ ફોન : 09448478387 |
| **તરૂણ મણીલાલ ગોસર** | ૧૦૧ અરના રેસીડેન્સી, પ્લોટ ૬૨, સર્વ સમર્પણ નગર, ઇંદોર - ૪૫૨૦૧૬ ફોન : 09826495423 |
| **રૂપમ મણીલાલા મોમાયા** | ૨૦૩-બી, જીરાવલ્લી રેસીડેન્સી, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ-૪૦૦૦૭૭. |
| **રાજેશ આણંદજી ખોના** | ૧૦૦૩ બ્રાઇટ, સીટી ઓફ જોય, જે.એસ.ડી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૮૦ |
| **મણીલાલ પદમશી દંડ** | ૩૧૨, ક્ષીરસાગર એપાર્ટમેન્ટ, ચીતાવાડ રોડ, બી.જે. વિહાર કૉલોની, ઇન્દોર - ૪૫૨૦૦૧ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | |
|---|---|---|
| **દિપાલી ડી. લોડાયા** | હુબલી | **07795250547** |
| **ખમાવંતી આર. લોડાયા** | હુબલી | **09036945782** |
| **તરૂણ મણીલાલ ગોસર** | ઇંદોર | **09826447818** |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮.૬.૧૩ | નાશિક | RANG050803 | શાશ્વત-ટીના/પુષ્પક વિજય નાગડા | રંગપુર | પુત્ર |
| ૨૮.૬.૧૩ | સુરત | CDDD020204 | સાન્વી-લહેર/પલ્લવ શરદ દંડ | છાદુરા | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫.૫.૧૩ | અમદાવાદ | SDLO010104 | આશિષ ચંદ્રકાંત બાબુભાઇ લોડાયા | સાંધવ | ૨૭ |
| | અમદાવાદ | LLMA020703 | ગુંજલ ગુલાબચંદ ભવાનજી મૈશેરી | લાલા | ૨૩ |
| ૧૩.૬.૧૩ | સીવુડ | NLMT031504 | રોનક મહેન્દ્ર વિશનજી મોતા | નલિયા | ૨૫ |
| | ભુવનેશ્વર | SILO190603 | વિની ધનેશ લક્ષ્મીચંદ લોડાયા | સાંયરા | ૧૯ |
| ૨૩.૭.૧૩ | મસ્જીદબંદર | SMMO020704 | ચિરાગ વિજય હીરાચંદ મોમાયા | જખૌ | ૨૬ |
| | ડોંબિવલી | VVLO090203 | એકતા કુલીન હીરાચંદ લોડાયા | વારપધર | ૨૨ |
| ૨૪.૭.૧૩ | અમદાવાદ | JSCD010703 | ઋષભ લલીત સોમચંદ છેડા | જસાપર | ૨૪ |
| | વિશાખાપટ્ટમ | SILO190305 | કરિશ્મા ચંદ્રકાંત લક્ષ્મીચંદ લોડાયા | સાંયરા | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨.૬.૧૩ | સાંગલી | KRKN080103 | હાર્દિક શરદ માણેકજી ખોના | કોઠારા | ૨૫ |
| | મુલુન્ડ | A | રચના હરખચંદ મગનલાલ ગડા | માપર | ૨૩ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૨.૬.૧૩ | કાંજુરમાર્ગ | VRVK010303 | ગૌરવ મહેન્દ્ર નવીનચંદ્ર વિકમશી | વરાડીયા | ૩૦ |
| | ઔરંગાબાદ | LLDD120203 | જયતિ ભરત ટોકરશી દંડ | લાલા | ૨૪ |
| ૧૪.૭.૧૩ | હુબલી | TRDD030103 | અમિત હિરાચંદ ડુંગરશી દંડ | તેરા | ૩૫ |
| | યવતમાલ | NLDH012603 | જૈસલ હિતેશ વર્ધમાન ધરમશી | નલિયા | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯.૭.૧૩ | ભાંડુપ | SDDD030702 | જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ | સાંધવ | ૫૫ |
| ૨૩.૭.૧૩ | કાંદિવલી | SDLO | ગંગાબાઇ દામજી ચત્રભુજ લોડાયા | સાંધવ | ૯૩ |
| ૨૪.૭.૧૩ | સેંધવા | VRM0060102 | વિજયાલક્ષ્મી શાંતિલાલ પાશ્વીર મોમાયા | વરાડીયા | ૭૪ |
| ૨૫.૭.૧૩ | નીમચ | VRM0060102 | અરૂણકુમાર ટોકરશી કાનજી મોતા | સુથરી | ૬૯ |

# લોડાયા-ધરમશી પરિવારનું ગૌરવ



કુ. પ્રિયંકા ચેતનકુમાર શાહ (લોડાયા)
(કોઠારા-કોઇમ્બતુર)
**SSLC - 94%**

## હાર્દિક અભિનંદન

કુ. પ્રિયંકા ચેતનકુમાર શાહ (લોડાયા) **10th (SSLC)માં 94%** માર્કસ તથા ગણિત **(Mathematics)**માં **100%** માર્કસ સાથે ઉત્તિર્ણ થઇ સફળતાને વરેલ છે. ભવિષ્યમાં પણ આવીજ જ્વલંત સફળતા પ્રાપ્ત કરતા રહો એવી શુભેચ્છાસહ અભિનંદન...

**શુભાશિષ**

| | | |
|---|---|---|
| મમ્મી | : | અપર્ણા ચેતન શાહ (કોઇમ્બતુર) |
| ભાઇ | : | અંકુર ચેતન શાહ (કોઇમ્બતુર) |
| દાદી-દાદા | : | સરોજબેન પ્રવિણકુમાર શાહ (લોડાયા) અગાસ |
| નાની-નાના | : | ગં.સ્વ. લીલાવંતી તિલકભાઇ ધરમશી (કોઇમ્બતુર) |
| ફઇ-ફુઆ | : | છાયાબેન ખુશાલભાઇ સોની (અમદાવાદ) |
| | : | નીતાબેન મુકેશકુમાર ગોસર (વડોદરા) |
| માસી-માસા | : | કુમુદબેન ડેવીડ (અમેરિકા) |
| માસી | : | કુ. હેમા તિલકભાઇ ધરમશી (કોઇમ્બતુર) |

## હાર્દિક અભિનંદન



ચિ. ચિરાગ તિલક લોડાયા (જખૌ-હુબલી)
**SSLC 96.8%**

અભ્યાસ ઉપરાંત તાજેતરમાં ઉત્કૃષ્ટ-૧૩ની પ્રતિયોગિતામાં રનર-અપ રહેલ છે. હજી વધારે સિદ્ધિ પ્રાપ્ત કરે એવા આશિષ !

**શુભાશિષ**

| | | |
|---|---|---|
| દાદાણાં | : | માતુશ્રી રતનબાઇ જીવરાજ તથા કસ્તુરીબાઇ રાયચંદ લોડાયા |
| નાનાણાં | : | શ્રી દેવશી કલ્યાણજી દંડ (વરાડીયા-મલકાપુર) તથા શ્રીમતી સુમિત્રા ધરમરાજ જૈન (મુંદગોલ-કર્ણાટક) |
| માતા-પિતા | : | શ્રીમતી મીના તિલક જીવરાજ લોડાયા |
| ભાઇ | : | સુનીલ |
| બહેનો | : | શ્રીમતી કવિતા ચિંતન દંડ (મંજલ-હુબલી) શ્રીમતી બિંદુ નીતિન ખોના તથા શ્રીમતી સીમા નરેશ ખોના |

જેમણે ચિરાગને બાળપણથી અમૂલ્ય સૂચન તથા કારકિર્દી ઘડવામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવેલ છે. એમનો પણ આભાર !

**શુભેચ્છાઓ : કોર્ણાક ફ્લોરીંગ તથા ખજાના પરિવાર (હુબલી)**

# ધરમશી તથા લાપસીયા પરિવારનું ગૌરવ

## હાર્દિક અભિનંદન



ચિ. મોક્ષા જયેશ ભાટે (ધરમશી)



ચિ. ઉદય જયેશ ભાટે (ધરમશી)

સુપુત્રી અને સુપુત્ર - અ.સૌ. ચેતના જયેશ નારાણજી ભાટે (ધરમશી)

ચિ. મોક્ષા B. Tech. (Electrical), V.J.T.I. માટુંગાથી 91.4% થી પાસ થયેલ છે. કૉલેજમાં 4th આવેલ છે. હાલમાં L & T કંપની (પવઇ)માં જોડાયેલ છે. તથા ચિ. ઉદય M.B.A. (Marketing) S.I.E.S. College મુંબઇ યુનિવર્સિટીના પહેલા વર્ષમાં 68% થી પાસ થયેલ છે. બંન્નેના ઉજ્વલ ભવિષ્ય તથા ઉત્તરોતર પ્રગતિ માટે અમારા અંતરની શુભેચ્છાઓ....

**શુભાશિષ**

**શ્રી નારાણજી રામજી ભાટે (ધરમશી) પરિવાર (ધુલિયા)**
**Ph. : 02562/229279 Mob. : 09421525779**
**શ્રી લક્ષ્મીચંદ શામજી લાપસીયા પરિવાર (નાંદેડ)**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# હાર્દિક શ્રદ્ધાંજલિ

૯મી પુણ્યતિથિ



સ્વ. વેજબાઇ ભારમલ લોડાયા
વડોદરા
(સ્વર્ગવાસ - ૯.૮.૨૦૦૪)

૩૨મી પુણ્યતિથિ



સ્વ. ભારમલ કાનજી લોડાયા
વડોદરા
(સ્વર્ગવાસ - ૧૪.૮.૧૯૮૧)

ના કોઇ ફરિયાદ, ના કોઇ વિષાદ છે,
બસ એકજ અરજી અમારી છે કે
આ પુણ્યાત્માઓની રહે અમી દૃષ્ટિ અમ પર...
સહુના દિલમાં જેમનું સ્થાન હતું એવા
પાવનકારી આત્માને પરમ કૃપાળુ પરમાત્મા
પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

-કુટુંબીજનો

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**